સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તક જોઇ કૂદે, કદર જેવું રહ્યું છે ક્યાં?
હવે 'પાયાના કાર્યકર' જેવું રહ્યું છે ક્યાં?
નેતૃત્વ, મૂલ્યો, વફાદારી, જેવું રહ્યું છે ક્યાં?
હવે તો પક્ષોને સિદ્ધાંત, જેવું રહ્યું છે ક્યાં?
(સત્તા માટે સેટીંગ)

હાઈકુ

તકસાધુઓ -
ડૂબતી નાવ જોઇ,
ઉંદર નાઠા...
(કૉંગીમાં રાજીનામા પ્રવાહ)

તૂટી પડ્યું છે
કીડી પર કટક -
સાંસદી સેના..
(૧૨૫ સભ્યો દિલ્હીમાં)

ચિંતન

વેશ્યાનામિવ વિદ્યાનાં મુખં કઃ ન ચુમ્બિતમ્ । હૃદય ગ્રાહિણસ્તાસાં દ્વિત્રાઃ સંન્તિ ન સન્તિ વા ॥

'વૈશ્યાઓની જેમ, વિદ્યાઓના મુખ કોણે નહીં ચૂમ્યાં હોય? અર્થાત વેશ્યાનો ગ્રાહક તેને ચૂમ્યા વિના રહે નહીં તેમ જે વિદ્યાનો ચાહક-ઉપાસક છે એ વાચન-અભ્યાસ વિના રહી શકતો નથી એની મનોવૃત્તિ-શોખનો વિષય - બાબત છે. પરંતુ વેશ્યા સાથેનો સંપર્ક ક્ષણિક હોય છે તેમ વિદ્યા-વાચનના શોખીન માત્ર શોખ-પૂરતું ઘણીવાર તો ઊંઘ આવે ત્યાં સુધી હું દરરોજ વાચન કરું છું - એવું કહેનારા ઘણા હોય છે એ વાચન ગમે તે અને ગમે તેવું હોઇ શકે છે.'

આવા વાચકો મૂળ-સત્ય-સદ્બોધ આપનારું કાયમી અસર કે પરિવર્તન કરે એવું હોતું નથી.

ખરેખર, સત સાહિત્ય જે જીવનબોધ આપનારું હોય - જીવનના હેતું - ધ્યેયને સમજાવે તેવું કાયમી 'જ્ઞાન' તો માત્ર થોડાક લોકો ગ્રહણ કરે છે બાકી તો ઉપરછલ્લું - પલ્લવગ્રાહી પાંડિત્ય આપે તેવું જ વાચન કરે છે - હૃદયસ્પર્શી કે જીવનપરિવર્તન કરે એવું વંચાતુ નથી.

આમ વેશ્યાના હૃદય સુધી કે જ્ઞાનના આત્મા સુધી પહોંચનારા બહુ અલ્પ હોય છે.

સુવિચાર

- દૃષ્ટિ વિનાની પ્રવૃત્તિ કરતાં વધુ ભયંકર બીજું કંઇ જ નથી - ફ્રાઇર વાલેસ
- દુ:ખ વગર બોલાવ્યું આવે છે, સુખ આગ્રહ કરીને રોકવા માગીએ તો પણ રોકાતું નથી - એસ. ભટ્ટાચાર્ય
- સંબંધોની સફળતા સામેવાળી વ્યક્તિ કેટલી બદલાય છે, તેમાં નથી પરંતુ તમે એને અનુકૂળ થવા કેટલા બદલાવ છો તેમાં છે - માનસસૂત્ર
- પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે - ગુણવંત શાહ
- સમયમાં જીવે તે માનવી પણ જે સમયને શણગારે તે કવિ - મિલ્ટન
- દીવાની જ્યોત અંધકારના કારણે બુઝાઇ ગઇ હોય એવું હજુ સુધી ક્યારેય બન્યું નથી - ચંદ્રકાન્ત બક્ષી
- સ્વાસ્થ્ય, સ્નેહ અને શાંતિનો સંગમ વધારતી રહે તેને સાચી સફળતા કહેવાય - આચાર્ય જીનચંદ્રસુરીશ્વરજી

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણી ભક્તિ-આધ્યાત્મિકતા મંદિર-મસ્જિદ-યાત્રા-પ્રવાસો-સ્નાન-તપ-અપવાસ-એકટાણામાં એવી અટવાઇ ગઇ છે હવે આપણને પણ 'ભગવાન' છે કે નહીં? એવી અશ્રદ્ધા મનમાં થાય છે પણ 'નાક કપાવ્યું' એટલે બહુ જ સારાં દર્શન થયા - ખૂબ મજા આવી કહેવું જ પડે!!

એક શિષ્ય ભારત ભ્રમણ કરી-બધાં પવિત્ર નદી-સરોવરમાં શરીર ઝબોળી-સંતો-મહાત્મા-ફકીર-ઓલિયા-મઝારો ને માથાં ટેકવી ટેકવી ઢીમણાં થઇ ગયાં. પણ ક્યાંક ઇશ્વરના અસ્તિત્વનો એક અંશ પણ જોવા ન મળ્યો. ઉલ્ટું ગીર્દી - પડાપડી-કજીયો-છેતરપીંડીના માનવ સ્વભાવના દર્શન થયા.

અંતે આખરે ગુરુજીના ચરણમાં માથું નાખી - ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો - ને કહ્યું - ગુરુજી! મેં ખૂબ ભ્રમણ-સ્થાન-દર્શન કર્યાં પણ ક્યાંક પ્રભુના અસ્તિત્વનો અહેસાસ પણ ન થયો-ગુરુજી! મને પ્રભુ પ્રાપ્તિ અને અધ્યાત્મનો સાચો માર્ગ બતાવો. એ ગમે તેટલો કઠિન હશે છતાં પણ હું ખૂબ સહનશક્તિ - ધીરજ કેળવી અને અનુસરીશ.'

ગુરુજી એ કહ્યું, બેટા! હું અહીં ગંગા-કાંઠે કુટિર બનાવી પચાસ વર્ષથી બેઠો છું અને સાક્ષાત્કારની એ ક્ષણની રાહ જોઉં છું!

શિષ્ય કહે - ગુરુજી હું કંઇ સમજ્યો નહીં - સ્પષ્ટ સમજાવો ને! ગુરુ કહે - પુત્ર! ધ્યેય પ્રાપ્તિની, ઇશ્વર-દર્શનની પણ ક્યારેય અપેક્ષા રાખીશ નહીં. માત્ર ખાલી થઇ જા - અને દરેક પળ - ખાલી થઇ કોઇ જ ધ્યેય-ઇરાદા-આશા-અપેક્ષા વિના - જીવશો ત્યારે બધી જ યાત્રાઓ અટકી જશે અને એ ક્ષણે એ જ સાક્ષાત્કારની ક્ષણ હશે..!

Email - sureshchandrabhatt18@gmail.com

રાષ્ટ્રભાષા પ્રત્યે આચરેલાં કાવાદાવાનું તટસ્થ મુલ્યાંકન રજૂ કરતું, રાષ્ટ્રભાષા પ્રચારકના અનુભવના નિચોડ સમુ પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દરેક દેશને પોતાની આગવી રાષ્ટ્રભાષા હોય છે ને રાષ્ટ્રભાષા જ રાષ્ટ્રના વિકાસની ધોરી નસ છે. દેશની સંસ્કૃતિના વૈભવને વહન કરનારું સૌથી શક્તિશાળી બળ રાષ્ટ્રભાષા છે, તે દેશની કરોડરજ્જુ છે. જે દેશની પાસે પોતાની આગવી રાષ્ટ્રભાષા નથી, તે દેશનું નૈતિક મોરલ વિશ્વમાં ક્યારેક ઊભું થતું નથી. ઇઝરાયેલે મૃતપ્રાય બનેલી હિબ્રુને પોતાની રાષ્ટ્રભાષા બનાવી એ જ રીતે, ફ્રાન્સ, જર્મની, રશિયા, ચીન, જાપાન વગેરે દેશો પોતાની રાષ્ટ્રભાષાના બળે જ વિશ્વ ફલક ઉપર આગવું સ્થાન શોભાવી રહ્યાં છે. પણ આઝાદી પછી આપણા દેશની એક રાષ્ટ્રભાષા પ્રસ્થાપિત કરવાની જે પ્રથમ અનિવાર્યતા હતી તેમાં કેટલાંક રાજકીય કારણોવશાત મુઠ્ઠીભર રાજકારણીઓએ પોતાના સ્વાર્થી હોદ્દાઓને કારણે હિન્દીને રાષ્ટ્રભાષાના શિખર ઉપર બેસાડી શક્યા નથી. ત્યારે રાષ્ટ્રભાષા પ્રત્યે આચરાયેલાં કાવાદાવાનું તટસ્થ મુલ્યાંકન કરતું એક પુસ્તક મને મળ્યું છે તેની વાત આજે મારે તમને કરવી છે.

'રાષ્ટ્રભાષા તરફ એક નજર' પુસ્તકના લેખક અતુલભાઇ પાઠકજી છે. આ પુસ્તકમાંથી પસાર થતાં આપણને 33 પ્રકરણોમાં રાષ્ટ્રભાષાનું ગૌરવ વધારવા હવે આપણએ શું કરવું જોઇએ તેની સુંદર ચર્ચા કરી છે. ગુજરાતમાં આઝાદી પહેલાં અને પછી રાષ્ટ્રભાષાનો પ્રચાર-પ્રસાર થયો તેનો ઇતિહાસ આ પુસ્તકનો હાર્દ રહ્યો છે. શરૂઆતમાં લેખક રાષ્ટ્રભાષાનો પ્રશ્ન અને રાષ્ટ્રભાષાનું શિક્ષણ અંગે વિગતે પ્રકાશ પાડ્યો છે. તે સાથે ગુજરાતના વિવિધ ભાગોમાં હિન્દી એ જે સ્થાન જમાવ્યું હતું તે હિન્દીને ઉચ્ચસ્થાનેથી રાજકારણીઓએ કેવી રીતે ખસેડીને નીચે જમીન પર, ભોંયરામાં ગોઠવી દીધી તેની વાત કોઇની પણ શેહશરમ રાખ્યા વિના નીડરતાથી લેખકે કરી છે જે સરકારી વહીવટમાં રાષ્ટ્રભાષાનું ઘટતું મહત્ત્વ, હિન્દીનું મહત્ત્વ ઘટાડવા થઇ રહેલાં અખતરા, વૈશ્વિકરણ પછી રાષ્ટ્રભાષા હિન્દીની પરિસ્થિતિ જેવાં પ્રકરણોમાં ખુબ રસપ્રદ રીતે વાતને રજૂ કરવામાં આવી છે. આજે હિન્દીને રાષ્ટ્રભાષા સ્વરૂપે જોવા મળતી નથી. રાષ્ટ્રે એક રાણીને દાસી બનાવી દીધી છે. વર્ષો સુધી શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દી અનિવાર્ય રીતે શીખવવામાં આવતી હતી. તે આજે મરજીયાત બની ગઇ છે. અંગ્રેજી ભાષા જે આપણી માસી હતી તે હવે માં ના સ્થાને બેસી ગઇ છે.આપણે જાણે પોતાના મકાનમાં પણ ભાડવાત બની ગયા છીએ. રાષ્ટ્રભાષાનું ગૌરવ આપણે નહીં સાચવીએ તો ભાવિમાં આપણો રાષ્ટ્રીય વારસો, આપણી સંસ્કૃતિ, આપણો આંતરિક વૈભવ જે ભાષા સાથે જોડાયેલો છે તે ખતમ થઇ જશે. ભારતીય માનવી તરીકે વિશ્વફલક પર આપણી જે છાપ છે તે છાપ ભુંસાઇ જશે. ને છેલ્લે તો બધું ગુમાવી ને રડવાના જ દિવસો આવશે. ભાષા ગઇ તો બધું ગયું. માત્ર હાડપિંજર બચવાનું. આ વાત લેખકે પ્રસ્તુત પુસ્તકમાં કરી છે. રાષ્ટ્રભાષા હિન્દીનું મહત્ત્વ વધારવા માટે મોટાં મોટાં પોસ્ટરો લગાડવામાં આવે છે પણ હિન્દીનું દેશમાં મહત્ત્વ વધે એવાં કોઇ પગલાં લેવામાં આવતાં નથી. તેના સચોટ પુરાવાઓ સહિતની માહિતી લેખકે આપણને અહીં ઉપલબ્ધ કરાવી આપી છે.



આ પુસ્તકમાં રાષ્ટ્રભાષાના મહત્ત્વ વિષે અને જીવનભર રાષ્ટ્રભાષાને કેન્દ્રમાં રાખી લેખકે કરેલાં કાર્યોની રૂપરેખા પણ મળે છે.

ભારત એક ગૌરવશાળી દેશ રહ્યો છે. હજારો વર્ષોનો ઇતિહાસ તપાસીએ તો આ દેશની સંસ્કૃતિના પાયામાં સંસ્કૃતભાષા રહી છે, સંસ્કૃતિમાં જે ગ્રંથો લખાયા છે તે ગ્રંથોમાં જે જ્ઞાન રહેલું છે એવું ઉત્તરોત્તર જ્ઞાનની ગરિમા વિશ્વની એક પણ ભાષામાં જોવા નહિ મળે. ગુપ્તકાળ સુધી સંસ્કૃત ભાષા લોકભાષા તરીકે સચવાઇને તમામ વ્યવહાર વર્ષો સુધી સંસ્કૃત ભાષામાં ચાલ્યો, અને આજે પણ ભારતીય સંસ્કૃતિના પાયામાં સંસ્કૃત ભાષા અવર્ણનીય સક્રીય ભૂમિકા ભજવી રહી છે. આ સંસ્કૃત ભાષા જ આપણી રાષ્ટ્રભાષાની માતા છે. હિન્દી સંસ્કૃતની જ પુત્રી છે.

આપણે સંસ્કૃત ભાષાને દેવભાષા તરીકે વર્ષોથી સ્વીકારતા આવ્યા છીએ પણ હિન્દીને પણ કોઇ રીતે ભુલાવી જોઇએ નહીં. હિન્દી એક સમૃદ્ધ ભાષા છે. કરોડોની સંખ્યામાં હિન્દીમાં અનેક વિષયોનું જ્ઞાન ઉપલબ્ધ છે. આપણે અંગ્રેજીને રાષ્ટ્રભાષા તરીકે મુકી શકીએ નહીં. કેમ કે રાષ્ટ્રભાષા તો રાષ્ટ્રભાષા જ હોય. જયાં સુધી આપણે આપણી રાષ્ટ્રભાષાને ગૌરવભર્યાં સ્થાન પર નહિ મુકીએ ત્યાં સુધી આપણો વિકાસ અધૂરો રહેવાનો છે.

'રાષ્ટ્રભાષા તરફ એક નજર' પુસ્તકમાં રાષ્ટ્રભાષાના પ્રચાર અને તેના મહત્ત્વ અંગેની બાબતોની જે ચર્ચા લેખકે કરી છે તે માત્ર ચર્ચા નથી પણ લેખકના જીવનના અનુભવોનો નિચોડ છે. કારણ કે ડો. અતુલભાઇ પાઠકજી ઇ.સ. ૧૯૬૪થી હિન્દી પ્રચારના કાર્ય સાથે સંકળાયેલા છે. તેઓ ઇ.સ. ૧૯૯૧થી 'રાષ્ટ્રભાષા પ્રચાર મંડળ, સુરતમાં' અધ્યક્ષપદે છે. ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કાર્યવાહક સમિતિનાં ઇ.સ. ૨૦૦૪થી સભ્ય છે. તેમણે સાહિત્યક્ષેત્રે પણ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તેમણે લખેલાં પુસ્તકોમાં 'ગોપાલકોં કી સમસ્યા', 'ભારત-સોવિયેત મૈત્રી,' 'રોબર્ટ કોક,', 'નીડર છેલભાઇ', 'રશિયા અને ધર્મ,' જેવા પુસ્તકોનો સમાવેશ થાય છે. વિશ્વમાં સૌથી વધુ જાહેર સંસથાઓમાં હોદ્દેદાર તરીકે રહેવા બદલ લેખકને 'ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' માં સ્થાન પ્રાપ્ત થયું છે. તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મળી ૯૦ જેટલા પ્રતિષ્ઠિત સન્માનો અને એવોર્ડસ ખિતાબો પ્રાપ્ત થયા છે. તેઓએ પોતાની કલમ દ્વારા રાષ્ટ્રભાષાની વેદનાને વાચા આપી જે કાર્ય કરી રહ્યાં છે. તે બદલ તેમને અભિનંદન આપું છું અને પુસ્તકને આવકારું છું.

રાષ્ટ્રભાષા તરફ એક નજર
લેખક - ડો. અતુલભાઇ પાઠકજી
પ્રકાશક - અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ
૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી,
વિવેકાનંદ ચોક, મેમનનગર, અમદાવાદ
કિંમત - રૂા. ૨૦૦/-, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

કોઇ વ્યક્તિ જ્યારે સારું કામ કરે ત્યારે તેના વખાણ કરવાં જોઇએ, તેની સરાહના કરવી જોઇએ, આમ કરવાથી તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ વધે છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

કોઇ વ્યક્તિ જ્યારે સારું કામ કરે ત્યારે તેના વખાણ કરવાં જોઇએ, તેની સરાહના કરવી જોઇએ. આમ કરવાથી તે વ્યક્તિમાં આત્મવિશ્વાસ વધે છે. તદુપરાંત જેણે વખાણ કરીને તેને પ્રોત્સાહિત કરી હોય છે તેના પ્રત્યે તેનો આદર વધી જાય છે. એટલા માટે જ સારા કામની ક્રેડિટ આપવામાં કંજૂસાઇ ન કરવી જોઇએ. કોઇને તેના કામ માટે બે શબ્દો સારા કહેવામાં આપણી જીભ ઘસાઇ જવાની નથી. હા, કોઇનાં ખોટાં વખાણ કરીને તેની ખુશામત કરવાની જરૂર નથી. ખોટાં વખાણ કરવાથી ઘણા લોકો ચણાના ઝાડ પર ચડી જતાં હોય છે.

તમે જોતા હશો કે અનુભવ્યું હશે કે કેટલાક લોકો જીભ બહુ કડવી હોય છે. તેઓ કોઇનાં વખાણ કરવાનો બદલે તેને વખોડવાનું કામ પહેલું કરશે. આવા લોકોની વાત મન ઉપર લેવાને બદલે એક કાનેથી સાંભળીને બીજા કાનેથઈ કાઢી નાખવી જોઇએ. જો તેમની વાતને તમે મન પર લઇ લીધી, તો આખી રાત ઊંઘી નહીં શકો તે વાત નક્કી. એક છોકરાએ તેના પપ્પાને ખુશ થતાં કહ્યું, "પપ્પા, છ માસિક પરીક્ષામાં મારે બાસઠ ટકા આવ્યા!" તે એમાં શી ઘાડ મારી, એટલા તો કેજીનું છોકરું એ લાવે છે. કડવું બોલવા ટેવાયેલા તેના પપ્પા કહ્યું. તમે વિચારો તે સમયે પેલા છોકરાનાં મનમાં કેવા ભાવ જાગ્યા હશે? તેના પપ્પા પ્રત્યેનો તેનો પ્રેમ વધ્યો હશે કે ઘટ્યો હતો? અલબત્ત ઘટ્યો હશે.

ઘણા એવા લોકો હોય છે કે તેઓ હંમેશાં બીજાનાં વખાણ કર્યા કરતાં હશે, તેઓ એટલા મીઠડા હોય છે કે તેમની વાતોથી આપણને ડાયાબિટીસ થઇ જાય. હું એક બેનને ઓળખું છું. તેઓને લોકોનાં ખોટાં ખોટાં વખાણ કરવાની આદત છે. આપણે તેમને રમીલાબેન કહીશું. તમે રમીલાબેન સાથે કોઇની ઓળખાણ કરાવો એટલે પત્યું. પેલા ભાઇ કે બહેન અકળાઇ ન જાય ત્યાં સુધી તેમના વખાણ કરવાનાં છોડે નહિ. જેઓ રમીલાબેનને ઓળખે છે તેઓ તેમનાથી દૂર ભાગે છે. જો કે એવો પણ એક વર્ગ છે, કે જેમને રમીલાબહેનની કંપની બહુ ગમે છે, તેનું કારણ છે. તે લોકોને કોઇ પોતાની ખુશામત કરે, ચાપલુસી કરે તે ગમતું હોય છે. તમે નહિ માનો પણ રમીલાબેન જેવા લોકોની પણ સમાજમાં ડિમાન્ડ હોય છે. થોડાંક પૈસાવાળાં, જાહેર જીવનમાં પડેલાં કે અભિમાનમાં રાચતાં લોકોને રમીલાબેનની કંપની પસંદ આવે છે. જે લોકોને ખુશામત કે ચાપલુસી પસંદ ન હોય તેમણે આવા રમીલાબેનોથી દૂર રહેવું જોઇએ.

કોઇની નાની નાની બાબતો, કે જે વખાણવા જેવી હોય તો તેને વખાણવી જોઇએ. તેનાથી તેને પ્રોત્સાહન મળશે. ખાસ કરીને બાળકોને તેમણે કરેલાં, સારાં કામ માટે શાબાશી આપવી જોઇએ. બાળકોનાં વખાણ કરવાથી તેમનો ઉત્સાહ બેવડાય છે અને ફરીથી તે કામ કરવા માટે પ્રેરાય છે. ખાસ કરીને સ્કૂલના શિક્ષકો અને શિક્ષિકાઓએ આ શીખવા જેવી બાબત છે. તેમને રોજ નાના બાળકો સાથે કામ કરવાનું હોય છે. બાળકોને શિક્ષિત કરવાની તેમની જવાબદારી હોય છે. જો તેઓ બાળકો સાથે બાળક જેવાં બનીને તેમની ભાષામાં વાત કરશે તો બાળકોને કોઇ વિષય અઘરો નહિ લાગે. તમે સાંભળ્યું હશે, બાળકોને અમુક શિક્ષક કે શિક્ષિકા ગમતા નથી. અને અણુક ગમે છે. જે શિક્ષક કે શિક્ષિકા બાળકોને પ્રેમથી પ્રોત્સાહિત કરીને, તેનાં વખાણ કરીને શીખવે છે તે બાલકોને પ્રિય હોય છે.

ઘણા લોકો બીજાનાં વખાણ કરી શકતા નથી. કોઇ એ સારું કામ કર્યું હોય તો તેની પ્રશંસા કરવાને બદલે પોતાના ગુણગાન ગાવા લાગે છે અથવા તો ચૂપ રહે છે તેઓ કોઇનાં વખાણ થાય તે સહન કરી શકતા નથી. પોતે તો વખાણ કરતાં નથી પણ બીજું કોઇ વખાણ કરે તો પણ તેમનાંથી સહન થતું નથી. આવા અદેખા લોકો ડગલને પગલે જોવાં મળશે.

પૂર્વીને રસોઇનો ખૂબ જ શોખ હતો. તે નવી નવી અને જાતજાતની રસોઇ બનાવે. જેના કારણે તેના કુટુંબમાં અને તેના ફ્રેન્ડ સર્કલમાં તેની ખૂબ જ વાહ વાહ થતી હતી. પૂર્વીની એક ફ્રેન્ડ મીતાને તે બાબતની ઇર્ષા આવતી હતી. કોઇ પૂર્વીની પ્રશંસા કરે તે મીતાને ગમતું ન હતું. મીતા ખાનગીમાં પૂર્વી પાસેથી નવી નવી રેસિપી જાણી લેતી અને તેના ફ્રેન્ડ સર્કલમાં વટ પાડતી. જયારે કોઇ પૂર્વીની પાસેથી જ શીખેલી રેસિપી વિશે વાત કરીને પૂર્વીની વાત ઉડાવી દેતી. ઘણીવાર તો તે પૂર્વી સાથે દુશ્મન જેવો વ્યવહાર કરતી. આમાં મીતાને શું મળતું હશે?

આમ કરીને તો તે પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરતી હતી. બધા મીતાનો સ્વભાવ સમજી ગયાં હતાં. તેના કરતાં મીતાને પૂર્વીની ઇર્ષા કરવાને બદલે તેની આવડતના વખાણ કર્યા હોત તો તેમાં તેણે કંઇ ગુમાવવાનું ન હતું. કોઇની પ્રશંસા કરવાથી આપણે નાના નથી બની જતાં. તો આજે આપણે નક્કી કરીએ કે કોઇની નિંદા ન કરતા પ્રશંસા કરીશું.

શબ્દોના નવા અર્થ માટેનો નવો વિચારકોશ

રોહિતોપદેશ

- રોહિત શાહ

બંધિયાર પાણી ગંધાઇ ઊઠે છે એમ કેટલાક શબ્દોના બંધિયાર અર્થ પણ દુર્ગંધ પ્રસારતા થઇ જાય છે. સમયે - સમયે એનું અપડેશન થવું જોઇએ. કોઇ વ્યક્તિ આપણને ગમે એટલી પ્રિય હોય અથવા આપણા માટે ગમે એટલી આદરણીય હોય, છતાં તેનું મૃત્યુ થયા પછી આપણે તેનું ડેડ બોડી કંઇ સંઘરી નથી રાખતા. બહુ - બહુ તો તેની તસવીર કે તેની સ્મૃતિ મનમાં સચવાઇ રહે છે. જીવન જીવવા માટે આપણે મૃત વ્યક્તિઓ સાથેનાં સંબંધને ભૂલવો જ પડે છે અને નવી વ્યક્તિઓ અને નવા સંબંધોનો સ્વીકાર કરવો જ પડે છે. એ જ રીતે અધ્યાત્મજગતમાં પણ કેટલાક શબ્દો કાળક્રમે પોતાનો અર્થ ખોઇ બેસે ત્યારે એ ઘટનાને શબ્દનું મૃત્યુ સમજીને નવા અર્થની તલાશ કરવી જોઇએ. આવો, એવા પોતાનો અર્થ ખોઇ બેઠેલાં કેટલાંક શબ્દોનું પુનમૂલ્યાંકન કરવાના ઉદ્દેશથી અધ્યાત્મ સાથે સંકળાયેલા થોડાક શબ્દોનાં નવા અર્થ વીચારીએ. એક વાતની ગેરંટી કે અહીં જે શબ્દોના અર્થ આપેલા છે એ દુનિયાની કોઇ પણ ભાષાના શબ્દકોશમાંથી નહિ મળે, કારણ કે આ તો વિચારકોશના વિશિષ્ટ અને તાજા અર્થ છે. તો આવો, શબ્દાર્થયાત્રાનો પ્રારંભ કરીએ :

૧. ધર્મ : પારકાના હિત માટે કરેલી પ્રત્યેક પ્રવૃત્તિ :

જો આ અર્થ સ્વીકારીએ તો વ્યર્થ ક્રિયાંકાંડો, નામસ્મરણ અને વ્રત-તપ - આ બધું ભ્રામક થઇ જાય. પૂજા, આરતી, અખંડ દીવા, પ્રસાદ, માળા અને ઘંટનાદ, વગેરે વ્યર્થ છે એનો ખ્યાલ આવી જાય. પારકાના હિત માટે કરેલી પ્રત્યેક પ્રવૃત્તિને ધર્મ સમજવામાં આવે તો વિશ્વમાં વૈમનસ્યને બદલે વહાલનું સામ્રાજ્ય સ્થપાશે.

૨. અધર્મ : જે કાર્ય કરતાં આપણને કશોક ખટકો થતો હોય કે ભય લાગતો હોય એવું પ્રત્યેક કાર્ય :

કોઇ માણસ ગમે તેટલો દુષ્ટ અને દુરાચારી હશે તો પણ ગલત કામ કરતી વખતે તેનો માંહ્યલો રાજીપો નથી બતાવતો. તે ખાનગીમાં ડંખ અને ખટકો અવશ્ય અનુભવે છે, પરંતુ માણસ સ્વાર્થ - અહંકારને પ્રાયોરિટી આપીને પોતાના માંહ્યલાની ઉપેક્ષા કરે છે. કોઇની હિંસા કરતી વખતે, જૂઠું બોલતી વખતે, કોઇકની છેતરણી વખતે, વિશ્વાસઘાત કરતી વેળાએ માણસ કદી નોર્મલ રહી નથી શકતો. બસ, એવું થાય ત્યારે તરત અટકી જવું. માંહ્યલો ના પાડે તોય નહિ અટકો તો પછી ભટકી જશે.

૩. પ્રાર્થના : આભારદર્શન, થેન્ક યૂ :

પ્રાર્થના કરવી એટલે ઉઘરાણી કરવી એ અર્થ આપણે જાણ્યે - અજાણ્યે કરી બેઠાં છીએ. હે ઇશ્વર, મને આ આપણે અને તે આપજે, મારાં તમામ સંકટ ટાળજે, મને સુખ-સમૃદ્ધિ આપજે, મને સંતાનસુખ આપજે, મને જગતમાં યશ-પ્રતિષ્ઠા આપજે - આવી ભીખ માગવી એને પ્રાર્થના કેમ કહેવાય? પ્રાર્થના તો માત્ર આભારદર્શન માટે જે કરવાની હોય. હે ઇશ્વર,મારી ગેરલાયકતાઓને ગણકાર્યા વગર તે મને આ ધરતી પર જીવવાનો હક આપ્યો છે એ માટે હું તારો આભારી છું, એમ કહેવું જોઇએ. એક વાત યાદ રાખજો કે તમે કોઇકની પાસે જયારે કશુંક માગતા હશો ત્યારે તમારા ચહેરા પર લાચારી હશે, પરંતુ જયારે તમે કોઇકનો આભાર માનતા હશો એ ક્ષણે તમારો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઊઠેલો હશે. પ્રાર્થના કરતી વખતે પ્રસન્નતા ન પ્રગટે તો માનવું કે આપણે કંઇક ઊંધા રવાડે ચડી ગયા છીએ.

૪. ત્યાગ : જે સહજ રીતે મળે એનાથી સુખી (સંતોષી) થવું :

ત્યાગનો અર્થ છોડી દેવું - ફેંદી દેવું એવો નથી કરવાનો. સહજ રીતે જે સુખો મળ્યાં હોય એ ભોગવવાં અને અન્યને એ સુખોમાં સહભાગી બનાવવા એ ત્યાગ છે. સૂર્ય કદી એનાં કિરણોનો ત્યાગ નથી કરતો, એને વિખેરતો રહે છે. પુષ્પો કદી સુગંધનો ત્યાગ નથી કરતાં, એનું વિસર્જન કરે છે. છોડી દેવું કે ફેંકી દેવું એ તો નરી બાલિશતા છે.

૫. પુણ્ય : કોઇ પણ જીવને જરાય કષ્ટ આપ્યા વગર આપણને આનંદ થાય એવી કરેલી દરેક પ્રવૃત્તિ :

પુણ્ય હોય ત્યાં આનંદ હોવો કમ્પલસરી છે. જો એ આનંદ કોઇ પણ જીવને દૂભવીને મેળવેલો હોય તો તેને પાપ સમજવો, પરંતુ જો કોઇને ઠેસ પહોંચે નહીં એની સભાનતાપૂર્વક કંઇ પ્રવૃત્તિ કરીએ તો એ પુણ્ય જ છે.

૬. સ્તુતિ - સ્તવન : પોતાના વ્યક્તિત્વમાં જે - જે સદ્ગુણો ખીલવવાના બાકી છે એની યાદી :

સામાન્ય રીતે સ્તુતિ - સ્તવનમાં આપણે પરમાત્માનાં ગુણગાન કરીએ છીએ. માત્ર ગુણગાન ગાવાનો શો અર્થ? એ ગુણો આપણા વ્યક્તિત્વમાં મહોરી ઊઠે એવી નિષ્ઠાપૂર્વક બિહેવિયર કરવું - એવી ચોવીસ કેરેટની ભાવના ભાવવી એ જ સ્તુતિ-સ્તવન છે. પ્રભુના ગુણોના રાગડા તાણવા એ વળી શાનું સ્તુતિ - સ્તવન છે? પ્રભુના રાગડા તાણવાથી કાંઇ ન વળે, એ ગુણોનું અનુકરણ કરવાથી જ સાચી ભક્તિ થાય.

હિન્દુ શાસ્ત્રોમાં ષડ્દર્શન કહેવાય છે, એટલે કે છ પ્રકારના દર્શન (શાસ્ત્રો). જો આ છ શબ્દોના અર્થ સમજાયા હશે તો ષડ્દર્શન સ્વયં સમજાઇ જશે અને તમે સ્વયં બોલી ઊઠશો : નો પ્રોબ્લેમ.